

હે ભવ્ય! લોકમાં નમન કરવાયોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવાયોગ્ય પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે. તેને ગમે તેમ કરીને પણ જાણ. —*શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ, ગાથા-૧૦૩*


કહાન સં. ૨૪ [૭૨૨] * **આત્મધર્મ** * [અંક-૬ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦
સં. ૨૦૬૦ ડિસેમ્બર-૨૦૦૩

આચાર્યપદારોહણના પાવન-પ્રસંગે મંગલ-આદેશ :

# સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીને જ્ઞાતાદૃષ્ટા થઈ જા

[માગશર વદ આઠમના રોજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પુરુષાર્થપ્રેરક પ્રવચન]

આજે કુંદકુંદ આચાર્યના આચાર્યપદારોહણનો દિવસ છે. કુંદકુંદ આચાર્ય મહારાજ એ વખતે જૈનશાસનના મોટા સૂર્ય હતા. આચાર્યપદની લાયકાત લઈને જ આવેલા, આચાર્યપદ કાંઈ કોઈનાં આપવાથી મળતું નથી પણ એવી લાયકાત હોય છે.

કુંદકુંદ આચાર્યનો એક શબ્દ 'सव्वसिद्धे' સવારમાં યાદ આવ્યો હતો. 'સર્વ સિદ્ધ' કહીને આચાર્યદેવ એમ કહે છે કે અનંત સર્વજ્ઞને હું મારા જ્ઞાનની પર્યાયમાં સ્થાપું છું અને શ્રોતાની પર્યાયમાં પણ અનંત સિદ્ધની સ્થાપના કરું છું.

જેણે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞદેવને સ્થાપ્યાં એ તો જાણનાર-દેખનાર જ રહે. તેને રાગનું કે પરનું કાર્ય કરવાનું કામ સોંપાય નહિ. સર્વજ્ઞપર્યાય જેના જ્ઞાનમાં બેઠી તે જીવ રાગનો કે પરના કાર્યનો કર્તા થતો જ નથી.

જ્ઞાનની પર્યાયમાં સિદ્ધને સ્થાપતાં તેનું લક્ષ જ્ઞાયક ઉપર જાય છે. એટલે આચાર્યદેવ કહે છે કે તું સિદ્ધને પર્યાયમાં સ્થાપીને જ્ઞાતાદૃષ્ટા થા ! અમે સમયસારમાં એ જ તને કહેવા માંગીએ છીએ. જ્ઞાયકનું લક્ષ કરતાં તેમાં પાંચેય સમવાય આવી જાય છે. સર્વજ્ઞભગવાને જે પાંચ ભાવ એકસાથે જોયા છે તે પ્રમાણે જ પાંચેય સમવાય સાથે પ્રગટ થઈ જાય છે.

સર્વજ્ઞની પર્યાય જેના જ્ઞાનમાં બેઠી તેને એક સમયની પર્યાયમાં જ્ઞાતાપણાનો પુરુષાર્થ થાય છે, પોતે જ્ઞાનસ્વભાવ છે, બહારમાં દર્શનમોહકર્મના ઉદયનો અભાવ થાય છે, તે કાળે પ્રગટવાયોગ્ય પર્યાય પ્રગટે છે અને તે પ્રકારનો જ ભાવ છે. આ ઉપરથી સવારે એમ વિચાર આવ્યો કે સર્વજ્ઞના જ્ઞાનમાં તો બધી પર્યાય નિયત છે છતાં જે અનિયત માને છે તે સર્વજ્ઞને જ માનતાં નથી. અનિયત માનનારા અલ્પજ્ઞને જ માને છે એવો અર્થ થયો. સર્વજ્ઞસ્વભાવ કે પર્યાયમાં સર્વજ્ઞપણું તે અનિયત માનનારાને બેસતું નથી.

અહીં કુંદકુંદઆચાર્ય મહારાજ કહે છે કે સાંભળનારના અને કહેનારના જ્ઞાનમાં

(અનુસંધાન માટે જુઓ પાનુ ૨૩)

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૦
અંક-૬
[૭૨૨]

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
DEC.
A.D. 2003




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ગમે તે કરો, ભાવશુદ્ધિ વિના મુક્તિ નથી

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં--૧૧૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૭૦ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે ભલે ગમે તે દેશમાં જાઓ, ગમે તે તપ કરો પણ ચિત્તની શુદ્ધિ વિના મોક્ષ નથી.

जहिँ भावइ तहिँ जाहि जिय जं भावइ करि तं जि ।
केम्वइ माक्खु ण अत्थि पर चित्तहँ सुद्धि ण जं जि ॥७०॥

અર્થ :—હે જીવ ! જ્યાં તારી ઈચ્છા હોય તે દેશમાં તું જા અને જે સારું લાગે તે કર ! પણ જ્યાં સુધી મનની શુદ્ધિ નથી ત્યાં સુધી કોઈ પણ રીતે મોક્ષ નહિ થાય.

હે જીવ ! ગમે તે ક્ષેત્રમાં—સમ્મેદશિખર, ગિરનાર કે શેત્રુંજય આદિ તીર્થક્ષેત્રમાં જા કે સાક્ષાત્ સમવસરણમાં જા પણ જ્યાં સુધી તારા પરિણામમાં રાગ અને વિકલ્પની એકતાબુદ્ધિ છે ત્યાં સુધી અશુદ્ધિ જ છે. ભલે તું ગમે તેટલી તપસ્યા કર, મુનિપણું લે કે વ્રત લે પણ જ્યાં સુધી મનની શુદ્ધિ નથી–રાગમાં એકતા પડી છે ત્યાં ચિત્તશુદ્ધિ નથી તેથી તે મોક્ષ પામવાને યોગ્ય નથી.

જ્યાં સુધી અંતરમાં રાગની એકતા છે, વિષય-કષાયની ભાવના છે—પર તરફ લક્ષ તે વિષય છે અને શુભાશુભરાગ તે કષાય છે તેની ભાવના—અંતરમાં વર્તી રહી છે ત્યાં સુધી તું ગમે તે તીર્થમાં જા કે ગમે તે તપ કર પણ મોક્ષ નથી. કેમ

કે એવી તીર્થયાત્રા કે તપસ્યાથી સંવર-નિર્જરા થતી નથી. સંવર-નિર્જરા જ મોક્ષનું કારણ છે તેના વિના મોક્ષ થતો નથી.

ભાવાર્થ :—મોટાઈ, પરવસ્તુનો લાભ અને જોયેલા કે સાંભળેલા ભોગોની વાંછારૂપ ખોટા ધ્યાન (કે જે શુદ્ધાત્મજ્ઞાનના શત્રુ છે) તેનાથી જ્યાં સુધી આ ચિત્ત રંગાયેલું છે અર્થાત્ વિષય-કષાયથી તન્મય છે ત્યાં સુધી હે જીવ! કોઈ પણ દેશમાં જા, તીર્થાદિમાં ભ્રમણ કર અથવા જે કાંઈ આચરણ કર પણ કોઈ પ્રકારે મોક્ષ નથી.

આત્મા રાગરહિત શુદ્ધ ચિદાનંદ છે તેની મોટપ જેને સમજાઈ નથી તેને બહારની ચીજોથી પોતાને મોટાઈ લેવાની ભાવના રહ્યાં જ કરે છે. લોકોમાં મારી પ્રતિષ્ઠા જામે એવું કાંઈ થાય તો ઠીક, પરવસ્તુ, આબરૂ કીર્તિ આદિનો લાભ થાય તો સારું અને જોયેલા-જાણેલાં ભોગોની વાંછા અર્થાત્ રાગની તન્મયતા છે તે શુદ્ધાત્માના જ્ઞાનના શત્રુ છે. કોઈપણ પ્રકારની ઇચ્છા છે તે પવિત્ર પ્રભુની દૃષ્ટિ અને અનુભવ થવા દેતી નથી.

ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ નથી તેને ચિત્તની શુદ્ધિ નથી તેથી વિષય-કષાયાદિના ખોટાં ભાવ ઉત્પન્ન થયાં વિના રહેતાં નથી. જ્યાં સુધી તારું ચિત્ત તેમાં રંજિત છે—તન્મય છે—મૂર્છિત છે—પરના પ્રેમમાં રોકાયેલું છે ત્યાં સુધી ગમે તે દેશમાં જા કે સમવસરણમાં જા પણ તને તો બંધ જ થવાનો છે. તીર્થમાં જઈને ભગવાનના પગલાંના દર્શન કર કે મંદિરમાં ભગવાનના દર્શન કર પણ અંતરમાં ચૈતન્યસંપદાની દૃષ્ટિ અને રુચિ થઈ નથી ત્યાં સુધી તેને વિકારની જ અભિલાષા છે. તે ભલે પંચઅણુવ્રત પાળે કે પંચમહાવ્રત પાળે, મહિના મહિનાના ઉપવાસ કરે, મૌન રહે...બધું કરે પણ કોઈ રીતે મોક્ષ નહિ થાય. સંવર-નિર્જરા પણ નહિ થાય ત્યાં મોક્ષ તો ક્યાંથી થાય!

શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ હોય તો તેની ભાવના હોય પણ તેની દૃષ્ટિ નથી એટલે તે જીવને એકલી રાગની જ દૃષ્ટિ અને તેની ભાવના છે.

શ્રોતા :—સમવસરણમાં તો સાક્ષાત્ ભગવાન છે ત્યાં તો તેની રુચિ કરે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાક્ષાત્ ભગવાન પાસે જાય તોપણ ભગવાન આત્મા ઉપર જેની દૃષ્ટિ નથી તેને રાગની જ ભાવના છે તેને ચિત્તની શુદ્ધિ નથી. સ્વવિષયની રુચિ થવી તે ચિત્તશુદ્ધિ છે એ નથી ત્યાં રાગની-કામ-ક્રોધની દૃષ્ટિ પડી જ છે. વીતરાગસ્વરૂપ આત્માની દૃષ્ટિ નથી ત્યાં રાગ-દ્વેષની દૃષ્ટિ હોય જ છે તેથી તે તેની

જ ભાવના ભાવે છે. તે ભલે કદાચ ભોગો ભોગવતો ન હોય પણ આત્માની દૃષ્ટિ નથી તેને ભોગોની ભાવના અંતરમાં રહેલી છે. બહારથી સ્ત્રીનો ત્યાગ હોય, પાંચેય ઇન્દ્રિયના વિષયનો ત્યાગ હોય, મુનિ થઈને બેઠો હોય પણ સ્વભાવમાં એકાગ્રદૃષ્ટિ નથી એટલે પરમાં એકાગ્રતા વર્તે છે. જે સંયોગમાં હોય તેમાં તેની લોલુપતા રહે છે. તેથી અશુદ્ધભાવોથી એ જીવ કર્મો બાંધે છે. તેને જરાય કર્મબંધન અટકતું નથી.

અભેદ સ્વભાવની દૃષ્ટિ અને રુચિ વિના ભેદવાળા વિકલ્પને વ્યવહાર પણ કહી શકાતો નથી. શુદ્ધભાવ વિનાના શુભભાવને વ્યવહાર પણ કેમ કહેવાય !

શ્રોતા :—બધું ભૂલી જવું !

પૂજ્ય ગુરુદેવશ્રી :—બધું–પરને ભૂલી જવું, પોતાને ભૂલી જવાનો નથી. શુદ્ધચૈતન્યસ્વરૂપની એકાગ્રતામાં બીજું બધું ભૂલી જવું. કેમ કે બીજાને ભૂલ્યા વિના ભગવાનમાં એકાગ્રતા થતી નથી. બીજા ભગવાનને પણ ભૂલ્યા વિના આ ભગવાનમાં એકાગ્રતા થતી નથી.

આગળ કહ્યું હતું કે જેની ચિત્તશુદ્ધિ નથી તે અસંયમી છે. અહીં કહ્યું કે જેની ચિત્તશુદ્ધિ નથી તે અશુદ્ધભાવથી કર્મ બાંધે છે, મોક્ષ પામી શકતો નથી. માટે હંમેશા ચિત્તશુદ્ધિ રાખવી જોઈએ એટલે કે જ્ઞાનાનંદ શુદ્ધસ્વભાવની મહિમાપૂર્વક તેમાં એકાગ્રતા રાખવી જોઈએ. લાખ વાતની આ એક વાત છે. પોતાની વસ્તુ એકાંતે મહાન પદાર્થ છે તેની રુચિ કરવી જોઈએ. તે વિના બીજું કાંઈ પણ કર તેમાં એકાંતે કર્મનું બંધન છે. સંવર-નિર્જરા બિલકુલ નથી.

આવું જ કથન બીજી જગ્યાએ પણ કહ્યું છે કે આ લોક અને પરલોકના ભોગોનો અભિલાષી અને કષાયોથી કાલિમારૂપ થયેલો અવર્તમાનવિષયોનો વાંછક અને વર્તમાન વિષયોમાં અત્યંત આસક્ત થયેલો, અતિ મોહિત થવાથી ભોગોને નહિ ભોગવતો થકો પણ અશુદ્ધભોવોથી કર્મોને બાંધે છે. સમયસારની જયસેનાચાર્યની ટીકામાં આ વાત આવે છે. તંદુલમચ્છનો દાખલો આપ્યો છે. તંદુલમચ્છ કાંઈ ભોગવી શકતો નથી પણ ભોગવવાની ભાવના કર્યા કરે છે તેના ફળમાં નરકમાં ચાલ્યો જાય છે.

શ્રોતા :—ભોગવે તો જ અનાચાર કહેવાય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—સામાયિકપાઠમાં ૩૨મા શ્લોકમાં જે અતિચાર અને અનાચારની વાત કરી છે તે સમ્યગ્દર્શન સહિત વ્રતમાં લાગતાં દોષની વાત છે. અહીં તો સમ્યક્ત્વ નથી તે જીવની વાત છે. તેથી એ ભોગોને નહિ ભોગવતો હોવાં છતાં ભોગવે જ

છે. જેને અતીન્દ્રિય આનંદની રુચિ, અનુભવ અને પોષાણ નથી—અતીન્દ્રિય આનંદનો ભોગ્યભાવ નથી તેને રાગનો ભોગ્યભાવ છે તેથી એ અશુદ્ધતાને જ ભોગવ છે. ભલે દેહની ક્રિયામાં ભોગ ન હોય તોપણ ભાવમાં તો એ અશુદ્ધતાને ભોગવે જ છે. તેથી અશુદ્ધભાવોથી એ કર્મોને બાંધે છે. આ યોગીન્દ્રદેવે પોતે લખ્યું તેનો આધાર આપ્યો.

હવે શુભ, અશુભ અને શુદ્ધ આ ત્રણ ઉપયોગની વાત કરે છે. આત્મામાં આ ત્રણ પ્રકારનાં પરિણામ થાય છે. એક અશુભ ઉપયોગરૂપ પરિણામ એક શુભ ઉપયોગરૂપ પરિણામ અને એક શુદ્ધઉપયોગરૂપ પરિણામ. તેમાં શુભ અને અશુભને અશુદ્ધ ઉપયોગ કહેવાય છે અને તેનાથી રહિત એવો ઉપયોગ તે શુદ્ધોપયોગ છે. આ ત્રણ પરિણામ અને તેના ફળની વ્યાખ્યા ૭૧મી ગાથામાં આચાર્યદેવ કરે છે.

सुह परिणामे धम्मु पर असुहें होइ अहम्मु ।
दोहिं वि एहिं विवज्जियउ सुद्धु ण बंधइ कम्मु ॥७१॥

અર્થ :—દાન, પૂજાદિ શુભપરિણામોથી પુણ્યરૂપ વ્યવહારધર્મ મુખ્યતાથી થાય છે. વિષય-કષાયાદિ અશુભપરિણામોથી પાપ થાય છે અને આ બંનેથી રહિત મિથ્યાત્વ રાગાદિ રહિત શુદ્ધ પરિણામ અથવા પરિણામધારી પુરુષ જ્ઞાનાવરણાદિ કર્મોને બાંધતો નથી.

સમ્યગ્દષ્ટિને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ સહિત શુભ પરિણામ થાય તે તેને પુણ્યબંધનું કારણ થાય છે. મિથ્યાત્વસહિત શુભ પરિણામની વાત પણ સાથે લેશે. મિથ્યા-ખોટી દૃષ્ટિ અને સાથે વિષય-કષાયના પરિણામથી એકલો પાપ બંધ થાય છે. મિથ્યાત્વ અને શુભાશુભરાગથી રહિત શુદ્ધ પરિણામથી કર્મબંધ થતો નથી.

જેમ સ્ફટિકમણિ શુદ્ધ ઉજ્જ્વળ છે તેને કાળો ડંક લગાવો તો તે કાળો દેખાય છે, પીળો ડંક લગાવો તો પીળો દેખાય છે અને જો કાંઈ ન લગાવો તો શુદ્ધ સ્ફટિક જેવો છે તેવો શુદ્ધ રહે છે. તેમ આ આત્મા ક્રમથી અશુભ શુભ અને શુદ્ધ--આ પરિણામોથી પરિણત થાય છે તેમાંથી મિથ્યાત્વ અને વિષય-કષાયાદિ અશુભના અવલંબનથી તો પાપ જ બાંધે છે અને તેના ફળમાં નરક-નિગોદ આદિ દુઃખને ભોગવે છે.

જુઓ ! આમાં કર્મના ઉદયની વાત જ લીધી નથી કે તીવ્રકર્મનો ઉદય હોય તો જીવ અશુભભાવે પરિણમે અને મંદ ઉદય હોય તો શુભભાવે પરિણમે. અહીં તો સીધી જીવના પરિણામથી જ વાત લીધી છે.

રાગની એકતા સહિત વિષય-કષાયના અવલંબનથી કહો કે સહાયતાથી કહો

કે તેના નિમિત્તથી જીવ પાપ બાંધે છે. આ એકલાં મિથ્યાદૃષ્ટિના અશુભભાવ જ કહ્યાં છે. 'મિથ્યાત્વ' તો અશુભભાવ છે. ઉપરાંત હિંસા, જૂઠું, ચોરી, કામ-ક્રોધ, માના-માયા-લોભ, વિષય-ભોગથી પાપકર્મ બંધાય છે તેમાં મિથ્યાત્વની તીવ્રતા હોય તો તેના ફળમાં નિગોદમાં જાય છે અને અન્ય અશુભભાવની તીવ્રતા હોય તો નરકમાં જાય છે જ્યાં જીવને કોઈ શરણ નથી.

ચૈતન્યશરણને જોયું નથી તેને ક્યાંય કોઈ શરણ નથી. નિર્વિકલ્પ ચૈતન્ય અનાકુળ તત્ત્વનો સખત વિરોધ કરે છે તે તેના ફળમાં નિગોદમાં ચાલ્યો જાય છે અને હિંસા, જૂઠ આદિ અશુભ પરિણામની તીવ્રતાથી નરકમાં જાય છે.

હવે શુભભાવમાં સમકિતીના શુભભાવની વાત લીધી છે. અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આ પાંચ પરમેષ્ઠીઓના ગુણસ્મરણ અને દાન-પૂજાદિ શુભ ક્રિયાઓથી સંસારની સ્થિતિને છેદવાવાળા જે તીર્થંકર નામકર્મથી લઈને વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિઓને અવાંછિકવૃત્તિથી બાંધે છે.

પંચપરમેષ્ઠીનું ગુણસ્મરણ કરતાં સમ્યગ્દૃષ્ટિ, સિદ્ધના કેવળજ્ઞાન, કેવળદર્શન આદિનું સ્મરણ કરે તોપણ એ વિકલ્પ હોવાથી શુભબંધનું કારણ છે, શુદ્ધભાવ નથી. દાન-પૂજાદિ શુભ પરિણામ પણ સમ્યગ્દૃષ્ટિના સમજવા. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને સ્થિરતાથી જ સંસારનો નાશ થાય છે સાથે જે મંદરાગ થાય છે તેનાથી સંસારની સ્થિતિ ટૂંકી થાય છે. ગુણસ્થાન પ્રમાણે જે કર્મોની સ્થિતિ લાંબી છે તે શુભભાવથી ઓછી થઈ જાય છે. તીર્થંકરનામકર્મ પણ શુભભાવથી બંધાય છે. એ પણ બંધન છે, કાંઈ અબંધપરિણામ નથી.

તીર્થંકરનામકર્મ બંધાયું તેને 'કેવળજ્ઞાન' થવાનું જ છે પણ તે તીર્થંકરનામકર્મથી કેવળજ્ઞાન થવાનું નથી. એ જીવની યોગ્યતા જ એવી છે કે શુભને છેદીને કેવળજ્ઞાન પામશે જ. શુભભાવને છેદશે ત્યારે કેવળ પામશે, શુભભાવથી કેવળ નહિ પામે.

શુદ્ધસ્વભાવની દૃષ્ટિમાં, આત્માની દૃષ્ટિ શુદ્ધ છે એવા ભાનમાં, શુભભાવને કરવાનો ભાવ નથી પણ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. કેવો શુભભાવ આવે ? કે પંચપરમેષ્ટીના ગુણસ્મરણનો. કેમ કે પોતાની શુદ્ધિમાં નિમિત્તપણે પંચપરમેષ્ઠી હોય છે તેથી તેમના ગુણસ્મરણનો ભાવ થાય છે અને દાન-પૂજા આદિ શુભભાવથી સંસારની સ્થિતિ ઘટે એવા કર્મો બંધાય છે. અબંધદૃષ્ટિ અને અબંધભાવનું ભાન તો છે અને સાથે તીવ્રકષાય નથી પણ મંદકષાય છે—ગુણસ્મરણ, પૂજા, ભક્તિ, દાનાદિનો ભાવ થાય છે તેનાથી સંસારની સ્થિતિ ઘટે છે. તીવ્રકષાયથી જે સ્થિતિ લાંબી પડે છે એ

સ્થિતિ મંદકષાયથી ઓછી થાય છે. તીર્થંકરનામકર્મ આદિ વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિઓને અવાંછિતવૃત્તિથી બાંધે છે એટલે કે સમકિતીને કર્મ બાંધવાનો ભાવ નથી પણ શુભભાવથી એવું બંધન થયા વિના રહેતું નથી.

જેને પુણ્યની મીઠાશ છે તેને તો મિથ્યાત્વનું ઝેર છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવની મીઠાશ છે તેને સ્વભાવની મીઠાશ નથી. આનંદમૂર્તિ અનાકુળ શાંત આત્મારામથી શુભ અને અશુભ બંને ભાવ વિભાવભાવ છે. એ વિભાવની મીઠાશવાળાને આત્માના સ્વભાવભાવનો અનાદર છે. વિભાવની મીઠાશમાં આકુળતાનો સ્વાદ આવે છે.

એક જણને કોઈએ પૂછ્યું હતું કે એલા ! સમ્યગ્દૃષ્ટિને અનુભવનો સ્વાદ હોય કે નહિ ? તો કહે બિલકુલ ન હોય. સમ્યગ્દૃષ્ટિ તો એકલી આકુળતાને જે વેદે છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિને આત્માના અનુભવનો સ્વાદ માનનારા આર્ષગ્રંથોને માનનારા નથી...... આવું લોકો માને છે.

આ વાત તો ભાઈ ! કોઈ આત્માર્થીને જ બેસે છે. આ કાંઈ સમાજની સાથે મેળ ખાય તેવી નથી. આ તો એકલો નિવૃત્તિપંથ છે તેની દૃષ્ટિમાં રાગાદિ કાંઈ છે જ નહિ, નિમિત્ત તો ખરેખર અકિંચિત્કર છે. આ વસ્તુ શ્રદ્ધામાં આવ્યા વિના શુદ્ધતાના પંથે એક ડગલું પણ નહિ ચલાય.

આત્મા એટલે એકલા શુદ્ધસ્વરૂપનો પિંડલો. અશુદ્ધતા તો એક સમયમાત્ર છે. આવા ચૈતન્ય પરમસ્વરૂપની દૃષ્ટિ થયા વિના ધર્મની શરૂઆત કોઈ રીતે થતી નથી. પોતાના શુદ્ધસ્વરૂપની એકતાના ફળમાં શુદ્ધભાવ થાય છે એ સિવાય ભગવાનના ગુણસ્મરણ આદિમાં તો શુભભાવ જ છે. સમ્યગ્દૃષ્ટિને ખ્યાલમાં છે કે આ શુભભાવ મારું સ્વરૂપ નથી પણ વીતરાગ થયો નથી ત્યાં સુધી એ શુભભાવ આવ્યા વિના રહેતો નથી. સમકિતીને દાન દેવાના ભાવ પણ થાય છે. મુનિઓને આહાર આદિ ચારેય પ્રકારના દાન સમકિતી આપે છે. સાક્ષાત્ ભગવાન અથવા પ્રતિમાજીની પૂજાના ભાવ પણ સમકિતીને આવે છે. સ્તુતિ, ભક્તિ, સ્તવન આદિ પણ કરે છે તે ભાવમાં પરિણમન પોતાનું છે માટે સમકિતી શુભભાવ કરે છે એમ પણ વ્યવહારે કહેવાય છે.

ધર્મીને શુભભાવથી કર્મોની સ્થિતિ ઓછી થાય છે. કર્મોની લાંબી સ્થિતિ તો તેને હોય જ નહિ, અંતઃકોડાકોડીની હોય, તેમાં પણ ઘટાડો થાય છે. તીર્થંકરનામકર્મ, યશોકિર્તી આદિ ઊંચી ઊંચી પ્રકૃતિઓ ધર્મીને અવાંછિતવૃત્તિથી બંધાય જાય છે એટલે કે ઇચ્છા વિના બંધાય જાય છે તથા કેવળ શુદ્ધાત્માના અવલંબનરૂપ શુદ્ધોપયોગથી

તે જ ભવમાં કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષને પામે છે.

કેવળ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેમાં આચરણરૂપ શુદ્ધ ઉપયોગથી મુક્તિ થાય છે. કેવળ એટલે એકલા આત્માના અવલંબનરૂપ શુદ્ધોપયોગથી મોક્ષ પામે છે. શુદ્ધોપયોગમાં એકલાં આત્માનું શરણ છે. આત્મામાં ઠર્યો એટલે શુદ્ધોપયોગી થયો. બાકી શુભાશુભભાવથી સંસાર છે. મુક્તિ તો એક શુદ્ધોપયોગથી જ પ્રાપ્ત થાય છે. માટે આ ત્રણ પ્રકારના ઉપયોગમાંથી સર્વથા ઉપાદેય તો શુદ્ધોપયોગ જ છે. બાકી કોઈ નહિ. પાઠમાં મુખ્યવૃત્યા શબ્દ છે તેનો અર્થ સર્વથા કર્યો છે.

બીજું બધું ભૂલીને એક શુદ્ધોપયોગ જ આદરણીય છે.

શુભ અને અશુભ બે ઉપયોગમાંથી અશુભ ઉપયોગ તો સર્વ પ્રકારે નિષિદ્ધ છે, નરક-નિગોદનું કારણ છે, કોઈ રીતે ઉપાદેય નથી. મિથ્યા દૃષ્ટિ, રાગની એકતાબુદ્ધિ અને હિંસા, જૂઠ આદિ પાપભાવ એ બધાં અશુભભાવ છે. નરક-નિગોદના કારણ છે તે કેમ ઉપાદેય હોય ! કોઈ રીતે આદરવાયોગ્ય નથી તથા શુભભાવ પ્રથમ અવસ્થામાં ઉપાદેય છે પણ પરમ અવસ્થામાં ઉપાદેય નથી, હેય છે.

અશુભ પરિણામની અપેક્ષાએ શુભ પરિણામને ઉપાદેય કહ્યાં પણ પરમ અવસ્થામાં તે પણ હેય છે.

આ પ્રકારે એકતાલીસ દોહામાં મહાસ્થલમાં પાંચદોહામાં શુદ્ધોપયોગનું વ્યાખ્યાન કર્યું. હવે પંદર દોહામાં વીતરાગસ્વસંવેદનજ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે.

दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तवेण ।
जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण ॥७२॥

અર્થ :—દાનથી નિયમથી પાંચ ઇન્દ્રિયના ભોગ પ્રાપ્ત થાય છે અને તપથી ઇન્દ્રપદ મળે છે તથા વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી જન્મ-જરા-મરણથી રહિત જે મોક્ષપદ તે મળે છે.

દાનથી નિયમથી તો પાંચ ઇન્દ્રિયના ભોગો જ મળે. પરંપરા મોક્ષ પ્રાપ્ત થાય એ તો માત્ર વ્યવહારકથન છે.

જગતને સત્ય મળવું બહુ કઠણ છે. અનંતકાળમાં બહુ થોડા કાળમાં આવું સત્ય હાથમાં આવે છે, તેમાં ય અસાધ્ય થઈ જાય પછી તો કાંઈ ન મળે, શું કરે ! દેહની સ્થિતિ પણ પૂરી થાય એ સંયોગી ચીજને તો મુદત હોય ને ! એ કાંઈ કાયમ રહે ! મોટો રાજા હોય કે ચક્રવર્તી હો કે ઇન્દ્ર હો... સ્થિતિ પૂરી થતાં ચાલ્યાં જાય છે.

તપથી ઈન્દ્રપદ મળે છે—મુનિવ્રત પાળે, અહિંસાદિ પાંચવ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે...વગેરે તપના ફળમાં ઈન્દ્રપદ મળે છે. આત્માનું ભાન છે અને સાથે શુભભાવ આવે છે તો સમકિતી જિનમંદિર જિનપ્રતિમા આદિની એવી સ્તુતિ-ભક્તિ કરે કે સરસ્વતી પણ તેનું વર્ણન કરી ન શકે એવી ભક્તિ આવે છે તો પુણ્ય પણ એવાં ઊંચા બંધાય છે પણ તેથી કાંઈ એ આદરણીય થઈ જતાં નથી. પુણ્યના ફળમાં ધનાદિની ધૂળ મળે તેનાથી આત્માને કાંઈ લાભ નથી. લક્ષ્મીમાં જેટલી વૃત્તિ જાય તેટલી આકુળતા છે. મફતનો અજ્ઞાની રાગની હોંશ કરે છે. બીજાને પૈસાવાળો જોઈને પણ એને એમ લાગે કે આ સુખી છે અને હું દુ:ખી છું. મૂઢને સુખ-દુ:ખના માપ કરતાં પણ આવડતાં નથી. જગતમાં કોણ સુખી છે?—'સુખીયા જગતમેં સંત, દુરીજન દુખિયા રે.' આત્માના જ્ઞાન-શ્રદ્ધાવાળા સુખીયા છે બાકી બધાં દુ:ખી છે. લક્ષ્મીના આશ્રયે સુખ કેવું !

મિથ્યાદૃષ્ટિ હોય અને મુનિપણું લીધું હોય, ખૂબ તપ કર્યું હોય તો અહમિંદ્ર પદ પામે છે બાકી મુખ્ય ઈન્દ્રપદ તો સમકિતી જ પામે છે. આ દાન અને તપના ફળની વાત કરી. હવે, વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી તો જન્મ-જરા-મરણ રહિત મોક્ષનું ફળ મળે છે. એક આત્મજ્ઞાન કે જે વીતરાગતા અને સ્વસંવેદન સહિત છે તેનાથી જ મુક્તિ થાય છે બાકી કોઈ મુક્તિનો ઉપાય નથી. એકલું જાણપણું તે સાચું જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન રાગરહિત જ હોય, તે જ જ્ઞાનથી મુક્તિના ફળ મળે છે. આત્માનું જ્ઞાન વિકલ્પ અને ઈચ્છાથી રહિત જ હોય. વીતરાગસ્વસંવેદનજ્ઞાનની વ્યાખ્યા આગળ આવી ગઈ છે. ચોથા ગુણસ્થાનથી સ્વસંવેદનજ્ઞાન હોય છે પણ આ તો એકમાત્ર આત્માના પૂર્ણાનંદને લેવા અંતરમાં એકાગ્રતા વિશેષ પ્રકારે થઈ જાય છે એવા વીતરાગી આનંદપૂર્વકનું પોતાનું જ્ઞાન થાય છે તે સીધું નિર્વાણનું કારણ છે. તેનાથી જન્મ-જરા-મરણ રહિત મોક્ષપદ મળે છે.

અહીં ત્રણનો ખુલાસો કર્યો. દાનથી પાંચ ઈન્દ્રિયના ભોગો અને તપથી ઈન્દ્રાદિપદ એ બંને શુભભાવના ફળ છે. આત્મજ્ઞાનના એ ફળ નથી. વીતરાગ-સ્વસંવેદનજ્ઞાનથી મુક્તિનું ફળ મળે છે. અશુભના ફળ તો આગળ કહી દીધા હતાં.

ભાવાર્થ :—આહાર, અભય, ઔષધ અને શાસ્ત્ર—આ ચાર પ્રકારનાં દાનોને જો સમ્યક્ત્વરહિત જીવ કરે તો ભોગભૂમિના સુખ પામે છે. ઋષભદેવ ભગવાનનો જીવ પૂર્વે જંગલમાં મુનિને આહાર આપતાં હતાં ત્યારે ત્યાં સિંહ, નોળિયો, ભૂંડ અને વાંદરો આ ચારેય તિર્યંચ બેઠાં હતાં. તેને પણ મુનિરાજના આહારદાનમાં અનુમોદનાના

ભાવ થયાં. ઋષભદેવનો જીવ અને તેના રાણી પણ તે વખતે મિથ્યાદૃષ્ટિ હતાં તો આહારદાનના ફળમાં આ બે રાજા-રાણી અને ચારેય તિર્યંચ મરીને ભોગભૂમિમાં ઉત્પન્ન થયાં હતાં. એ જ રીતે કોઈ શાસ્ત્રદાન આપે, ઔષધ આપે, અભયદાન આપે તો તેના ફળમાં ભોગભૂમિના સુખ પામે છે. ત્યાં કલ્પવૃક્ષના ફળો ભોગવે છે. ઋષભદેવ અને શ્રીમતી રાણીના જીવને ત્યાં પછી મુનિ પધાર્યાં તેમનો ઉપદેશ પામીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હતું પણ આ દાનના કારણે સમ્યગ્દર્શનની યોગ્યતા થઈ એમ નથી. સમ્યગ્દર્શન તો તે કાળે તેમના પોતાના પુરુષાર્થથી થયું હતું.

'પુરુષાર્થ' કોઈ નિમિત્તથી કે દાનથી કે દાનના ફળાદિથી થતો નથી. પોતાના આત્માના સ્વ-ભાવથી પુરુષાર્થ કરે ત્યારે સમ્યક્ત્વ થાય છે.

હવે સમ્યક્ત્વ સહિત, વીતરાગસ્વસંવેદનજ્ઞાન સહિત રાગ રહી ગયો છે તે રાગના ફળમાં દેવેન્દ્ર-ચક્રવર્તી આદિ પદવી અને વિભૂતિ પ્રાપ્ત કરે છે અને નિર્વિકલ્પ થઈ જાય તો મોક્ષ પામે છે તે વાત વિશેષ આગળ કહેવાશે. (ક્રમશઃ)

* * *

અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છો ? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. કેમ કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.

*—પૂજ્ય ગુરુદેવશ્રી*

*

# ભૂતની ગુફારૂપ શરીરને પોતાનું માનવું તે એક આશ્ચર્ય છે

(શ્રી નાટક સમયસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં-૯૭)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં આ બંધ-અધિકાર ચાલે છે. ૧૯૬ પાના ઉપર ૩૫મો શ્લોક છે.

આગળ 'परसंग एव.....' ની વાત આવી ગઈ. જીવને બંધ કેમ થાય છે? કે જીવ પોતાના સ્વભાવનો સંગ છોડીને, કર્મના નિમિત્તનો સંગ કરે છે તેથી બંધ થાય છે. જેટલી પરમાં મમતા કરે છે તેના પ્રમાણમાં વિકાર થાય છે, એટલો જ બંધ થાય છે. નિમિત્ત તેને બંધ કરાવતું નથી. આમ શિષ્યના પ્રશ્નનો જવાબ ચાલે છે.

जैसे महिमंडलमैं नदीकौ प्रवाह एक,
ताहीमैं अनेक भांति नीरकी ढरनि है ।
पाथरकौ जोर तहां धारकी मरोर होति,
कांकरकी खांनी तहां झागकी झरनि है ।।
पौनकी झकोर तहां चंचल तरंग ऊठै,
भूमिकी निचांनि तहां भौरकी परनि है ।
तैसैं एक आतमा अनंत-रस पुद्गल,
दुहुंके संजोगमैं विभावकी भरनि है ।।३५।।

અર્થ :—જેવી રીતે પૃથ્વી ઉપર નદીનો પ્રવાહ જોકે એકરૂપ હોય છે તોપણ પાણીની અનેક અવસ્થાઓ થાય છે, અર્થાત્ જ્યાં પત્થર સાથે અથડાય છે ત્યાં પાણીનો પ્રવાહ વળાંક લે છે, જ્યાં રેતીનો સમૂહ હોય છે ત્યાં ફીણ પડી જાય છે, જ્યાં પવનનો ઝપાટો લાગે છે ત્યાં તરંગો ઉઠે છે, જ્યાં જમીન ઢાળવાળી હોય છે ત્યાં વમળ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે એક આત્મામાં જાતજાતનાં પુદ્ગલોના સંયોગ થવાથી અનેક પ્રકારની વિભાવપરિણતિ થાય છે.

નદીનું પાણી એકરૂપ ધારાએ જતું હોય છતાં નીચાણ, ઊંચાણ અનુસાર પાણી અનેક પ્રકારે વહે છે. જ્યાં મોટા પત્થર પડ્યાં હોય ત્યાં પાણી વળાંક લઈ લે છે... આ તો દ્રષ્ટાંત છે પછી તેનો સિદ્ધાંત આત્મામાં ઉતારશે. નદીમાં જ્યાં રેતી વધારે

હોય ત્યાં પાણીમાં ફીણ થઈ જાય છે, પવનના ઝપાટા આવે ત્યાં પાણીમાં તોફાન આવે છે. ઢાળ આવે ત્યાં વમળ થાય છે. આમ પાણીના એકરૂપ પ્રવાહમાં અનેક પ્રકાર પડે છે તેમ આત્મા એક છે પણ અનંત પ્રકારના રસવાળા કર્મપુદ્ગલ છે તેનો સંગ કરીને આત્મા અનેક પ્રકારની વિભાવપરિણતિ કરે છે.

જેમ પાણીનો પ્રવાહ એક છે તેમ આત્મા એક છે. પોતે અનંત જ્ઞાન-આનંદનો સાગર છે પણ તેને કર્મના નિમિત્તના સંગમાં અનેક પ્રકારની અવસ્થા થાય છે. કર્મમાં જે જે પ્રકારનો રસ હોય છે તેનો સંગ થતાં જીવમાં તે તે પ્રકારની વિભાવ પરિણતિ ઉત્પન્ન થાય છે. કર્મના સંગમાં મમતા કરવાથી જીવને અનેક પ્રકારે વિકાર ઊભો થાય છે. કેટલાંક કહે છે કે જીવ તો એક છે પણ અનંત પ્રકારના કર્મો છે તેમાંથી જેવું નિમિત્ત આવે તેવો ભાવ થાય છે તો એ કર્મ કરાવ્યો, પરંતુ એમ નથી. કર્મના નિમિત્તનો જીવ સંગ કરે છે અને તેમાં જેટલી મમતા કરે છે તેના પ્રમાણમાં વિકાર થાય છે.

જીવ તો એક પ્રકારનો છે પણ કર્મને કારણ તેમાં વિવિધતા થાય છે એમ કહ્યું ત્યાં એ અપેક્ષા સમજવી કે વિવિધ પ્રકારે વિભાવ કરવા એ જીવનો સ્વભાવ નથી પણ અનેક પ્રકારના રસવાળા કર્મનો સંગ કરવાથી વિભાવ પરણિતિ થાય છે. 'કર્મ છે માટે વિભાવ થાય છે કે કર્મને કારણે થાય છે'—એમ નથી.

અમારે તો ૭૧ ની સાલથી સમાધાન થઈ ગયું છે કે 'આત્મામાં જે વિકાર થાય છે તે પોતાની યોગ્યતાથી થાય છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આત્મા પોતાના પુરુષાર્થથી જ વિકારને ટાળી શકે છે...' આ વાત સાંભળીને તે વખતે બહુ ખળભળાટ થઈ ગયો હતો કેમ કે કેટલાકને 'કર્મથી વિકાર થાય' એ વાતનો બહુ પક્ષ હતો. અમે તો કીધું પરદ્રવ્યથી આત્મામાં કાંઈ ન થાય. આત્મા જેવા નિમિત્તના સંગમાં જોડાય, તેની મમતા કરે તે પ્રમાણે વિકાર થાય છે. નિમિત્ત જીવને વિકાર કરાવતું નથી અને નિમિત્તની વિવિધતાથી અહીં વિવિધતા થતી નથી. એક આત્મામાં જાતજાતના કર્મોનો સંયોગ થવાથી અનેક પ્રકારની વિભાવ પરિણતિ થાય છે.

બીજા લોકો ઈશ્વરને કર્તા માને છે તેનો ધણી ઈશ્વર છે અને આ જૈનો થઈને કર્મને જીવના પરિણામનો કર્તા માને છે તો એણે તો જડને પોતાનો ધણી માન્યો. એમ ન હોય ભાઈ ! કર્મના નિમિત્તના સંગમાં તું જેટલી મમતા કરે તેના પ્રમાણમાં વિકાર થાય છે આ સિદ્ધાંત યથાર્થ છે. વસ્તુ એકરૂપ શુદ્ધ હોવા છતાં તેનામાં અશુદ્ધતાની જેટલી યોગ્યતા છે તે પ્રમાણે પોતે નિમિત્તને આધીન થાય છે. નિમિત્ત તેને આધીન કરાવતું નથી. 'કર્મે રાજા, કર્મે રંક' એ વાત તો બરાબર છે પણ 'કર્મે વાળ્યો આડો અંક' એ

વાત ખોટી છે. ભગવાન આત્મા પોતાના ચૈતન્યસ્વભાવને ભૂલે છે અને નિમિત્તની મમતામાં જોડાય છે ત્યારે મમતાના પ્રમાણમાં તેને વિકાર અને દુઃખ થાય છે.

હવે ૧૪મા શ્લોક ઉપર ૩૬મા પદ્યમાં બનારસીદાસજી જડ અને ચૈતન્યનું પૃથક્પણું બતાવે છે.

चेतन लच्छन आतमा, जड़ लच्छन तन-जाल ।
तनकी ममता त्यागिकै, लीजै चेतन-चाल ॥३६॥

અર્થ :—આત્માનું લક્ષણ ચેતન છે અને શરીર આદિનું લક્ષણ જડ છે તેથી શરીર આદિનું મમત્વ છોડીને શુદ્ધ ચૈતન્યનું ગ્રહણ કરવું ઉચિત છે.

આત્માનું લક્ષણ તો જાણવું અને દેખવું છે અને શરીરનું લક્ષણ તો જડ છે માટે તેને આત્માથી જુદું જાણીને તેની મમતાનો ત્યાગ કર! અને ભગવાન આત્માની ચેતનમય ગતિનું પરિણમન કર! કર્મ પણ જડ છે તેની મમતાને છોડ! કર્મ મને વિકાર કરાવે છે અને કર્મ મને હેરાન કરે છે એવી બુદ્ધિને છોડ! ભગવાન આત્મા જાણનાર-દેખનાર છે, આનંદમૂર્તિ છે તેની તરફ રુચિનું પરિણમન કર! કર્મના નિમિત્તની મમતાથી જે વિકાર થતો હતો તેની મમતા છોડી દઈને, આત્મા તરફની દૃઢતા કરીને ચૈતન્ય શુદ્ધપરિણમનને ગ્રહણ કર!

પરની મમતા છોડીને, સ્વભાવ દૃષ્ટિ કરતાં આત્માની શુદ્ધપરિણતિની દશા થાય તેને ધર્મ કહે છે.

जो जगकी करनी सब ठानत,
जो जग जानत जोवत जोई ।
देह प्रवांन पै देहसौं दूसरौ,
देह अचेतन चेतन सोई ॥
देह धरै प्रभु देहसौं भिन्न,
रहे परछन्न लखै नहि कोई ।
लच्छन वेदि विचिच्छन बूझत,
अच्छनसौं परतच्छ न होई ॥३७॥

અર્થ :—જે સંસારની સર્વ ક્રિયાઓ કરે છે, જે જગતને જાણનાર, દેખનાર છે, જે શરીરપ્રમાણ રહે છે પણ શરીરથી ભિન્ન છે કેમ કે શરીર જડ છે અને તે ચૈતન્ય છે, તે પ્રભુ (આત્મા) જોકે દેહમાં છે પણ દેહથી નિરાળો છે, તે ઢંકાઈને રહે

છે, બધાંને દેખાતો નથી. જ્ઞાનીઓ લક્ષણ આદિથી તેને ઓળખે છે, તે ઇન્દ્રિયગોચર નથી.

જે સંસારની સર્વ ક્રિયાઓ કરે છે એટલે કે અજ્ઞાનભાવથી રાગ-દ્વેષ આદિ ક્રિયા અને ચારગતિમાં ભ્રમણ કરે છે અને તે જ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમતાં જગતનો જાણનાર થાય છે. જે અજ્ઞાનભાવે પરની મમતામાં, વસ્તુસ્વભાવના અજાણભાવે રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ ભાવને કરે છે તે જ પોતાના જાણભાવે—સ્વભાવનું જ્ઞાન થતાં રાગથી માંડીને પર ચીજનો જાણનાર-દેખનાર રહે છે, આવા સ્વભાવવાન આત્માને જાણતાં શુદ્ધપરિણતિ પ્રગટ થાય છે.

देह प्रवांन पै देहसौं दूसरौ—ભગવાન આત્મા આ દેહ પ્રમાણ રહેલો છે પણ દેહથી જુદો છે. દેહ અને કર્મ આદિ તો બધાં અચેતન—જડ છે. આત્મા તો ચેતન જાણનાર, દેખનાર છે. આમ બંનેને જુદાં જાણી, વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જીવને જ્ઞાન અને આનંદની પરિણતિ પ્રગટ થાય છે. સ્વભાવના અજાણપણામાં રાગ-દ્વેષની પરિણતિ થાય છે અને જાણપણામાં શુદ્ધપરિણતિ પ્રગટ થાય છે. દેહમાં રહ્યો હોવા છતાં આત્મા આત્મામાં છે અને દેહ દેહમાં છે. આત્મા દેહથી નિરાળો છે.

देह धरै प्रभु देहसौं भिन्न, જુઓ! આત્માને પ્રભુ કહ્યો છે. આત્મા પોતે ચૈતન્યનાથ છે. શરીરના રજકણે-રજકણથી આત્મા જુદી ચીજ છે પણ એવો ગુપ્ત છે કે લોકો તેને જાણી શકતાં નથી. શરીર, વાણી, મનથી જુદી ચૈતન્યવસ્તુ અંદર ગુપ્ત પડી છે. તેને વિચિક્ષણ એવા સમકિતી જ્ઞાનલક્ષણ વડે જુદો આળખી લે છે.

अच्छनसौं परतच्छ न होई। આત્મા અક્ષ એટલે આંખ અથવા કોઈપણ ઇન્દ્રિયોથી જણાય તેવો નથી. આત્મા રાગરૂપ નથી, વિકલ્પરૂપ નથી, શરીર અને કર્મરૂપ તો આત્મા નથી, નથી અને નથી જ. આત્મા તો જાણનાર છે, આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, તેથી તે કાંઈ ઇન્દ્રિયોથી પ્રત્યક્ષ થાય તેવો નથી.

પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને નહિ જાણનાર જીવ રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે છે. કર્મ તેને રાગ-દ્વેષ કે અજ્ઞાન કરાવતું નથી. જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનને રોકતું નથી. એ તો જડ છે તેને કાંઈ ખબર નથી. જીવ પોતે જ્ઞાનની હીણી અવસ્થા કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે.

देह अचेतन प्रेत-दरी रज,–
रेत-भरी मल-खेतकी क्यारी ।

व्याधिकी पोट अराधिकी ओट,
उपाधिकी जोट समाधिसौं न्यारी ॥
रे जिय! देह करै सुख हानि,
इते पर तौ तोहि लागत प्यारी ।
देह तौ तोहि तजेगी निदान पै,
तूहीं तजै किन देहकी यारी ॥३८॥

અર્થ :—દેહ જડ છે, જાણે એક મડદાનું સ્થાન જ છે, તે રજ અને વીર્યથી ભરેલું છે, મળ-મૂત્રરૂપી ખેતરનો ક્યારો છે, રોગોનું પોટલું છે, આત્માનું સ્વરૂપ ઢાંકનાર છે, કષ્ટોનો સમૂહ છે અને આત્મધ્યાનથી ભિન્ન છે. હે જીવ! આ દેહ સુખનો ઘાત કરે છે, તોપણ તને પ્રિય લાગે છે, છેવટે એ તને છોડશે જ તો પછી તું જ તેનો સ્નેહ કેમ છોડી દેતો નથી?

देह अचेतन..... આ દેહ એક મુર્દાખાનું—સ્મશાન છે. ચૂડેલને રહેવાનું સ્થાન છે, આત્માને રહેવાનું આ સ્થાન નથી. અમે ૫૯ની સાલમાં તેર વર્ષની ઉંમરે પહેલીવાર જ પાલેજ ગયાં. ત્યાં ઘરના પાછળના ભાગમાં જીન ચાલતું. તેનો અવાજ આવતો હતો. તો કીધું ત્યાં શું છે! તો બાળકોને ત્યાં નહિ જવા દેવા માટે મોટાએ કહ્યું કે ત્યાં ચૂડેલ છે માટે ત્યાં ન જવાય. તેમ અહીં કહે છે કે આ દેહ ચૂડેલને રહેવાનું સ્થાન છે તેને પોતાનું ન માનવું. પ્રેત-દરી એટલે ભૂતની ગુફા એવો અર્થ પણ કર્યો છે. આ દેહ ભૂતની ગુફા છે તેને પોતાનું માને એ ગજબ છે ને! ભૂતના સ્થાનથી તો માણસ ભાગે તેને બદલે આ પ્રેમ કરે છે.

દેહ તો રજ અને વીર્યથી બનેલો છે અને તેમાં મળ-મૂત્રની ખાણ ભરેલી છે. ભગવાન આત્મામાં તો અતીન્દ્રિય આનંદ અને શુદ્ધતા ભરેલી છે પણ અમૃતસાગર પ્રભુ મૃતક-ક્લેવરમાં મૂર્છાણો છે ચૂડેલના ઘરથી ભાગવાના બદલે ત્યાં જઈને બેઠો છે. બહારથી શરીર લઠ્ઠ જેવું—સોનાની વીંટી જેવું દેખાતું હોય એટલે તેમાં મૂર્છાઈ જાય છે પણ આગળ ૪૦ મા પદ્યમાં આવશે કે એ તો બધી ઉપરની ચમક-દમક છે. ચામડીની ગારને કારણે અંદરની અશુચિ, હાડકાં આદિ ઢંકાઈ ગયું છે પણ અંદર તો મળ-મૂત્રના ક્યારા છે.

આ વાત બંધ અધિકારમાં લેવાનો હેતુ એ છે કે આ શરીર જડ છે તેને પોતાનું માનવું તે બંધભાવ છે—અજ્ઞાન છે.

શરીર व्याधिकी पोट એટલે રોગોનું પોટલું છે એક એક શરીરમાં ભગવાને

૫ કરોડ ૬૮ લાખ ૯૯ હજાર ૫૮૪ રોગ જોયાં છે. એમ ભગવતી આરાધનામાં કહ્યું છે. આવા શરીરને વ્હાલું કરીને મારું માનવું અને તેની સંભાળમાં રોકાવું એ બધો બંધભાવ છે, એકમાત્ર ચૈતન્યની સંભાળ કરવી એ અબંધભાવ છે.

લાઠીમાં એક બેનને 'શીતળા' નીકળ્યાં હતાં તો શીતળાના દાણે દાણે ઈયળો પડી હતી. પીડા સહન થતી ન હતી. એ બા ! આવા પાપ મેં આ ભવે તો કર્યાં નથી, આ ક્યા ભવના પાપનું ફળ આવ્યું હશે ! આવા આવા રોગો દરેક શરીરમાં રહેલાં છે પણ પ્રગટ નથી તેથી શરીરને વ્હાલું કરીને બેઠો છે. શરીરની ઓટમાં આત્માને તો ઢાંકી દીધો છે. ચોવીસ કલાક શરીરને નવરાવવા, ખવરાવવા, શણગારવામાં, સેન્ટ લગાડીને ફરવામાં પસાર કરી દે છે પણ પ્રભુ ! તારો શણગાર તો કોઈ બીજો છે.

શરીરમાં કષ્ટનો ઢગલો છે. કાનમાં શૂળ આવે, છાતીમાં કેન્સર થાય, ભગંદર થાય, અનેક પ્રકારે શરીર કષ્ટ આપે છે છતાં આ જીવ તેને પ્રેમથી ખવરાવે છે. એ ભૂતના મુખમાં કોળિયા આપે છે. પણ પ્રભુ ! એ ચીજ તારાથી જુદી છે. તારે અને તેને કાંઈ સંબંધ નથી છતાં આટલો પ્રેમ તને કેમ આવે છે? પ્રેમ તો પ્રભુ સાથે કરવો જોઈએ. શરીરનો પ્રેમ તો તને બંધનું કારણ છે અને ભગવાન આત્માનો પ્રેમ મોક્ષનું કારણ છે. શરીરના આશ્રયે કદી શાંતિ અને સમાધિ થાય તેમ નથી.

શાંતિરૂપ સમાધિ તો આત્માના આશ્રયે થાય છે. દેહ તો જુદી ચીજ છે તેમાં શાંતિ નથી અને તેનાથી શાંતિ થાય તેમ નથી. આમ, દેહ અને આત્મા તદ્દન ભિન્ન છે એમ ભેદજ્ઞાન કરાવે છે. આત્મા કોઈ ઈન્દ્રિયોને ગોચર નથી, આત્મા અતીન્દ્રિયજ્ઞાનથી જ જણાય તેવો છે. પોતે જ છે પણ પોતાને પોતાની કાંઈ ખબર નથી.

रे जिय! देह करै सुख हानि—અરે જીવ ! દેહની પ્રીતિ તો તારી શાંતિને નાશ કરી નાંખે તેવી છે તે દેહથી ધર્મ ક્યાંથી થાય ! પણ કાશીમાં ભણેલાં મોટા પંડિતો પણ એવું માને છે કે સચેતન શરીરથી ધર્મ થાય છે. અરે ભાઈ ! દેહની મમતા તો આત્માની સુખ-શાંતિનો નાશ કરે છે, છતાં દેહ તને પ્યારો લાગે છે !

देह तो तोहि तजेगी..... દેહ તો નક્કી તેના સમયે તને છોડી દેશે ત્યારે તું તેને સાથે આવવા કહીશ તોપણ એ નહિ આવે, ઉલટું દેહ કહેશે કે અરે મૂરખ ! અમે કોઈની સાથે ગયા છીએ ? કે તારી સાથે આવીએ ! અમે તો મડદાં છીએ—જડ છીએ. તારી સાથે અમે આવી શકીએ તેમ નથી.

આત્માનું સાચું સ્વરૂપ બતાવવા અને અબંધ પરિણામ પ્રગટ કરાવવા માટે આ બધી વાત લીધી છે. એક તરફ ભગવાન આત્મા છે અને બીજી તરફ દેહ છે. બંનેનું ભેદજ્ઞાન સારું કરાવ્યું છે.

દેહ તો તને છોડવાનો જ છે તો તું જ તેનો અનુરાગ કેમ છોડી દેતો નથી ? આત્માનું ભાન થતાં દેહ પ્રત્યે વૈરાગ્ય આવી જાય છે પણ તને તો દેહ ઉપર પ્રીતિ છે માટે તું મિથ્યાદૃષ્ટિ છો. તને બંધ થશે. સમ્યગ્દૃષ્ટિને તો રાગનો રાગ પણ નથી તો દેહનો રાગ તો ક્યાંથી હોય ! ! 'આવો સુંદર દેહ મળ્યો છે તો તેને ભોગવી જાણવો !' એમ કહેનારા મૂરખ છે. દેહ તો હાડકાનું માળખું છે તેને શું ભોગવી જાણવો ?

શરીર ધર્મનું સાધન છે, શરીર ઠીક હોય તો મન પણ સ્ફૂર્તિમાં રહે,.. આવું માનનારા મૂઢ છે. મનની શુદ્ધિ માટે ભગવાનની પૂજા કરો અને શરીરની શુદ્ધિ માટે આ 'મોતી' સાબુ લઈ જાવ એમ કરીને સાબુ વેચે... અરે બાપુ ! કોલસાને ગમે તેટલા સાબુથી ધોવો પણ એ સફેદ થાય ખરો ! બાળી નાંખો તો સફેદ થાય.

सुन प्राणी सदगुरु कहै, देह खेहकी खांनि ।
धरै सहज दुख दोषकौं, करै मोखकी हांनि ।।३६।।

અર્થ :—શ્રીગુરુ ઉપદેશ આપે છે કે હે જીવ ! શરીર માટીની ખાણ છે, સ્વભાવથી જ દુઃખ અને દોષમય છે તથા મોક્ષસુખમાં બાધક છે.

જુઓ ! દેહ તો મોક્ષની હાનિ કરનારો છે એમ કહ્યું છે. શ્રીગુરુ કહે છે કે સાંભળ પ્રાણી ! દેહ તો માટીની ખાણ છે—રાખ છે—ધૂળ છે તેમાં તારું શું હિત છે ! એ તો સ્વભાવથી જ દુઃખ અને દોષમય છે. અંદરથી પેસાબ અને વિષ્ટાની ગંધ મારે છે. અરે ! બે-ચાર કલાક થાય ત્યાં પરસેવો પણ ગંધાય. કેટલાકનું તો શરીર તંદુરસ્ત હોય પણ તેનો 'વા' ગંધાય, શરીર ગંધાય.

શરીર નિમિત્ત તરીકે મોક્ષમાર્ગની અને મોક્ષની હાનિ કરનાર છે. મૂળ તો જીવ પોતે શરીરની મમતા કરે છે તેથી મોક્ષમાર્ગમાં હાનિ થાય છે પણ તેમાં શરીર નિમિત્તરૂપ છે માટે શરીરને મોક્ષસુખમાં બાધક કહ્યું છે. વિશેષ કહેશું.

(ક્રમશઃ)

* * *

# ✽ પુરુષાર્થ ✽

સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા: ૩૨૧-૩૨૨-૩૨૩ ઉપર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન. માગશર સુદ ૧૨, રવિવાર વીર સં. ૨૪૭૨

[ગતાંકથી ચાલુ]

**પ્રશ્ન** :— સર્વજ્ઞ ભગવાને જોયું હોય ત્યારે આત્માની રુચિ થાય ને ?

**ઉત્તર** :— સર્વજ્ઞ ભગવાન બધું જાણે છે એમ નક્કી કોણે કર્યું ? જેણે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનસામર્થ્યને પોતાના પર્યાયમાં નક્કી કર્યું તેનો પર્યાય સંસારથી અને રાગથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે જ છે અને ત્યારે જ તેણે સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે તથા જેનો પર્યાય પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે છે તેને આત્માની રુચિ થાય જ છે.

'અહો ! કેવળી ભગવાન ત્રણ કાળ, ત્રણ લોકના જાણનાર જ છે. તેઓ પોતાના જ્ઞાનથી બધું જાણે છે, પણ કોઈનું કાંઈ કરતા નથી.' આમ જેણે યથાર્થપણે નક્કી કર્યું તેણે પોતાના આત્માને જ્ઞાતાસ્વભાવે માન્યો અને તેને ત્રણ કાળ, ત્રણ લોકના બધા પદાર્થોના કર્તૃત્વપણાની બુદ્ધિ ટળી ગઈ. એટલે કે **અભિપ્રાય અપેક્ષાએ તે સર્વજ્ઞ થયો. આવો સ્વભાવનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં આવે છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે નિયતવાદ નથી પણ સમ્યક્ પુરુષાર્થવાદ છે.**

અન્ય દ્રવ્યોની એક પછી એક જે અવસ્થા થાય છે તેના કર્તા સ્વયં તે તે દ્રવ્યો છે પણ હું તેનો કર્તા નથી અને મારી અવસ્થા કોઈ પર કરતું નથી. કોઈ નિમિત્તના કારણે મને રાગ-દ્વેષ થતા નથી. આ રીતે જાણતાં પોતામાં નિમિત્ત અને રાગ-દ્વેષને જાણનારી એકલી જ્ઞાનની અવસ્થા રહી. તે અવસ્થા જ્ઞાતાસ્વરૂપને જાણે, રાગને જાણે અને બધા પરને પણ જાણે. માત્ર જાણવાનું જ જ્ઞાનનું સ્વરૂપ છે. રાગ થાય તે જ્ઞાનનું જ્ઞેય છે પણ રાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવી શ્રદ્ધામાં જ્ઞાનનો અનંતો પુરુષાર્થ સમાય છે. આ સમજાવવા માટે જ આચાર્યદેવે અહીં બે ગાથા મૂકીને વસ્તુસ્વરૂપ બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિ કેવળજ્ઞાન થયા પહેલાં પોતાના કેવળજ્ઞાનની ભાવના કરતાં આ રીતે વસ્તુસ્વરૂપ વિચારે છે અર્થાત્ સર્વજ્ઞતા થતાં વસ્તુસ્વરૂપ કેવું જણાશે તેનું ચિંતવન કરે છે.

આત્માની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. આત્માની જ્યારે જે અવસ્થા થાય ત્યારે

તે અવસ્થાને અનુકૂળ નિમિત્તરૂપ પરવસ્તુ સ્વયં હાજર હોય જ છે. આત્માના ક્રમબદ્ધપર્યાયની જે લાયકાત હોય તેને અનુસાર નિમિત્ત ન આવે તો તે પર્યાય અટકી જાય એમ બનતું નથી. 'નિમિત્ત ન હોય તો?' એ પ્રશ્ન જ અજ્ઞાન ભરેલો છે. ઉપાદાનસ્વરૂપની દૃષ્ટિવાળાને તે પ્રશ્ન જ ન ઊઠે. વસ્તુમાં પોતાના ક્રમથી જ્યારે અવસ્થા થાય ત્યારે નિમિત્ત હોય જ છે એવો નિયમ છે.

જે તડકો છે તે પરમાણુની ઊજળી દશા છે અને છાંયો છે તે તેની કાળી દશા છે. પરમાણુમાં જે સમયે કાળી અવસ્થા થવાની હોય તે જ સમયે કાળી અવસ્થા પોતાથી સ્વયં થાય છે અને તે વખતે સામે બીજી ચીજ હાજર હોય છે. પરમાણુની કાળી દશાના ક્રમને ફેરવવા કોઈ સમર્થ નથી. તડકામાં વચ્ચે હાથ રાખતાં નીચે જે પડછાયો થાય છે તે હાથના કારણે થયો નથી પણ ત્યાંના પરમાણુથી જ તે સમયની ક્રમબદ્ધ અવસ્થા કાળી થઈ છે.

**પ્રશ્ન :—** પરમાણુમાં બપોરના ત્રણ વાગે કાળી દશા થવાની છે એમ સર્વજ્ઞદેવે જોયું હોય અને હાથ મોડો આવે તો પરમાણુમાં ત્રણ વાગે કાળી દશા થવી અટકી જાય ને?

**ઉત્તર :—** ના, એમ બને જ નહિ. પરમાણુમાં બરાબર ત્રણ વાગે કાળી દશા થવાની હોય તો બરાબર તે જ વખતે હાથ વગેરે નિમિત્ત સ્વયં હાજર હોય જ. સર્વજ્ઞદેવે ત્રણ વાગે પરમાણુની કાળી દશા થશે એમ જોયું હોય અને જો નિમિત્તના અભાવને લીધે તે દશા મોડી થાય તો સર્વજ્ઞનું જ્ઞાન ખોટું ઠરે! પરંતુ તે અસંભવ છે. વસ્તુની જે વખતે જે ક્રમબદ્ધ અવસ્થા થવાની હોય તે વખતે નિમિત્ત ન હોય એમ બને જ નહિ. નિમિત્ત હોય ખરું પણ નિમિત્ત કાંઈ જ કરે નહિ.

અહીં ઉપરમાં જેમ પુદ્‌ગલનું દૃષ્ટાંત લીધું તેમ હવે જીવનું દૃષ્ટાંત આપીને સમજાવે છે. કોઈ જીવ કેવળજ્ઞાન પામવાનો હોય પણ જો શરીરમાં વજ્રર્ષભનારાચસંહનન ન હોય તો કેવળજ્ઞાન અટકી જાય—એવી માન્યતા તદ્દન અસત્ય પરાધીન દૃષ્ટિની છે. જીવ કેવળજ્ઞાન પામવા તૈયાર થયો અને શરીરમાં વજ્રર્ષભનારાચસંહનન ન હોય એમ કદાપિ બને જ નહિ. જ્યાં ઉપાદાન પોતે તૈયાર થયું ત્યાં નિમિત્ત સ્વયં હાજર હોય જ. જે સમયે ઉપાદાન કાર્યરૂપે પરિણમે તે જ સમયે બીજી ચીજ નિમિત્તરૂપે હાજર હોય જ, નિમિત્ત પાછળથી આવે એમ બને જ નહિ. જે વખતે ઉપાદાનનું કાર્ય, તે જ વખતે નિમિત્તની હાજરી. આમ હોવા છતાં ઉપાદાનના કાર્યમાં નિમિત્ત કાંઈ જ મદદ, અસર કે ફેરફાર કરે નહિ. નિમિત્ત ન હોય એમ પણ ન બને અને નિમિત્તથી

કાર્ય થાય એમ પણ ન બને. ચેતન કે જડ દ્રવ્યમાં તેની પોતાની જે ક્રમબદ્ધ અવસ્થા જ્યારે થવાની હોય છે ત્યારે અનુકૂળ નિમિત્ત હોય જ છે. આવો જે સ્વાધીન દૃષ્ટિનો વિષય છે તેને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે, મિથ્યાદૃષ્ટિઓને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીતિ નથી એટલે તેમની દૃષ્ટિ નિમિત્ત ઉપર જાય છે.

અજ્ઞાનીને વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન નથી એટલે તે વસ્તુના ક્રમબદ્ધપર્યાયમાં શંકા કરે છે કે આ આમ કેમ બન્યું? તેને સર્વજ્ઞના જ્ઞાનની અને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીતિ નથી. જ્ઞાનીને વસ્તુસ્વરૂપમાં શંકા પડતી નથી. તે જાણે છે કે જે કાળે જે વસ્તુનો જે પર્યાય થાય છે તે તેની ક્રમબદ્ધ અવસ્થા છે, હું તો માત્ર તેનો જાણનાર છું. આમ, જ્ઞાનીને પોતાના જાણનાર સ્વભાવનું ભાન છે, તેથી સર્વજ્ઞ ભગવાને જાણેલા વસ્તુસ્વરૂપનું ચિંતવન કરીને તે પોતાના જ્ઞાનની ભાવના વધારે છે કે જે કાળે જેમ બને છે તેનો હું જ્ઞાયક જ છું. મારા જ્ઞાયક સ્વરૂપની ભાવના કરતાં કરતાં મારું કેવળજ્ઞાન પ્રગટવાનું છે.

આ ભાવના કેવળી ભગવાન વિચારતા નથી, પરંતુ જેને હજી અલ્પ રાગ-દ્વેષ થાય છે એવા ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળા જ્ઞાનીની ધર્મભાવનાનો આ વિચાર છે. આમાં યથાર્થ વસ્તુસ્વરૂપની ભાવના છે પણ આ કાંઈ મિથ્યા કલ્પના કે દુઃખના આશ્વાસન માટે નથી. આવી પડેલા કોઈ પણ સંયોગ-વિયોગને આપદાનું કારણ સમ્યગ્દૃષ્ટિઓ માનતા જ નથી પણ ચારિત્રની અધૂરી દશાના કારણે પોતાની નબળાઈથી અલ્પ રાગ-દ્વેષ થાય છે. તે વખતે સંપૂર્ણ જ્ઞાનદશા કેવા પ્રકારની હોય તેનું ચિંતવન તેઓ નીચે પ્રમાણે કરે છે.

**જે કાળે જે વસ્તુની જે અવસ્થા સર્વજ્ઞદેવના જ્ઞાનમાં જણાણી છે તે જ પ્રમાણે તે ક્રમબદ્ધ અવસ્થા થવાની. ભગવાન તીર્થંકરદેવ પણ તેને ફેરવવા સમર્થ નથી.** જુઓ, આમાં સમ્યગ્દૃષ્ટિની ભાવનાની નિઃશંકતાનું જોર કેટલું છે! 'ભગવાન પણ ફેરવવા સમર્થ નથી' એમ કહેવામાં ખરેખર પોતાના જ્ઞાનની નિઃશંકતા છે. સર્વજ્ઞદેવ માત્ર જાણે પણ કાંઈ ફેરવવા સમર્થ નથી, તો પછી હું તો શું કરી શકું? હું પણ માત્ર જાણનાર જ છું. આમ, પોતાના જ્ઞાનની પૂર્ણતાની ભાવનાનું જોર છે.

જે ક્ષેત્રમાં જે દેહનું જીવન કે મરણ, સુખ કે દુઃખનો સંયોગ વગેરે જે વિધાનથી થવાનું હોય તેમાં કિંચિત્ પણ ફેર પડે નહિ. સર્પ કરડવો, પાણીમાં ડૂબવું, અગ્નિમાં બળવું વગેરે જે સંયોગ થવાનો હોય તેમાં ફેરફાર કરવા ત્રણ કાળ, ત્રણ લોકમાં કોઈ સમર્થ નથી. ધ્યાન રાખજો, આમાં મહાન સિદ્ધાંત છે, એકલા પુરુષાર્થની સિદ્ધિ કરે

છે. આ શાસ્ત્રમાં બાર ભાવનાનું સ્વરૂપ સ્વામી કાર્તિકેયાચાર્ય વર્ણવે છે. તેઓ મહા સંત–મુનિ હતા. બે હજાર વર્ષ પૂર્વે તેઓ થઈ ગયા. વસ્તુસ્વરૂપને દૃષ્ટિમાં રાખીને આ શાસ્ત્રમાં બાર ભાવનાનું સ્વરૂપ તેમણે વર્ણવ્યું છે. આ શાસ્ત્ર સનાતન જૈન પરંપરામાં ઘણું જૂનું મનાય છે. કાર્તિકેયસ્વામી સંબંધી શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે 'નમસ્કાર હો તે સ્વામી કાર્તિકેયને !' આ મહા સંત–મુનિના કથનમાં ઊંડું રહસ્ય છે.

**'जो जिस जीवके'** એટલે કે બધા જીવોને માટે આ જ નિયમ છે કે જે જીવને જે કાળે જીવન-મરણ, સુખ–દુઃખનું નિમિત્ત વગેરે કાંઈ પણ સંયોગ આવી પડવાનો છે તેમાં ફેરફાર કરવા શક્રેન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ સમર્થ નથી. આ સમ્યગ્દૃષ્ટિ જીવનો સાચા જ્ઞાનની પૂર્ણતાની ભાવનાનો વિચાર છે. વસ્તુનું સ્વરૂપ આવું છે તેને જ્ઞાની પોતાના જ્ઞાનમાં લે છે પણ કાંઈ સંયોગના ભયથી ઓથ લેવા માટે તેનો આ વિચાર નથી. એક પર્યાયમાં ત્રણ કાળ અને ત્રણ લોકના પદાર્થોનું જ્ઞાન કઈ રીતે જણાઈ જાય છે તે વિચારે છે.

અહીં સુખ–દુઃખની એટલે કે સંયોગની વાત કરી છે. સંયોગ વખતે અંદર પોતે જે શુભ કે અશુભ લાગણી કરે છે તે પોતાના વીર્યનું વિપરીત કાર્ય છે. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે તે પોતાના પર્યાયની મોળપને સમ્યગ્દૃષ્ટિ સ્વના લક્ષે જાણે છે પણ સંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે એમ માનતો નથી. સંયોગ-વિયોગ તો સર્વજ્ઞે જોયા પ્રમાણે ક્રમસર થાય છે એમ તે માને છે. મિથ્યાદૃષ્ટિ જીવ પરસંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે એમ માને છે એટલે તે સંયોગ ફેરવવા માગે છે. તેને વીતરાગ શાસનની શ્રદ્ધા નથી. સર્વજ્ઞના જ્ઞાનની પણ તેને શ્રદ્ધા નથી. કેમ કે સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે જ બધું થાય છે, છતાં 'આમ કેમ થયું ?' એમ તે શંકા કરે છે. જો તેને સર્વજ્ઞની શ્રદ્ધા હોય તો સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે જ બધું થાય છે એમ નક્કી કરે અને તેથી સંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે એ માન્યતા ટળી જ જાય તથા હું સંયોગ ફેરવી શકું છું એ માન્યતા પણ ટળી જ જાય. જો આ વાતમાં જરા પણ ફેરફાર માને તો તેને વીતરાગ શાસનની શ્રદ્ધા નથી. [ક્રમશઃ]

* * *

## વૈરાગ્ય સમાચાર—

રાજુલાનિવાસી (હાલ-સોનગઢ) શ્રી મૂળચંદભાઈ દામોદરદાસ ચોટલિયા (વર્ષ-૯૭) તા. ૮-૧૧-૨૦૦૩ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

# ✽ વૃષભસેનની કથા ✽

જે સમસ્ત સંસારમાં પૂજનીય છે, એ જિનેન્દ્ર ભગવાનને પ્રણામ કરીને વૃષભસેનનું ચરિત્ર લખું છું.

એક દિવસ ઉજ્જૈનના મહારાજા પ્રદ્યોત એક મત્ત હાથી ઉપર સવાર થઈને હાથી પકડવા જંગલમાં ગયો તેમને લઈને હાથી જડપથી ભાગ્યો. એને રોકવા માટે તેમણે ઘણા પ્રયત્ન કર્યા પણ સફળતા ન મળી. સંયોગથી હાથી એક જાડ નીચેથી જઈ રહ્યો હતો. રાજા એ જાડની ડાળ પકડીને લટકી ગયા. જ્યારે હાથી આગળ વધી ગયો ત્યારે રાજા નીચે ઉતરીને ખેટ નામના બાજુના એક ગામમાં પહોંચ્યા. રાજા તરસથી ખૂબ વ્યાકુળ હતા. એ જ વખતે જિનદત્તની પુત્રી જિનદત્તા પાણીયારા પાસે પાણી ભરવા આવી. રાજાએ તેને જોતાં જ પાણી પીવરાવવા માટે કહ્યું. જિનદત્તાએ રાજાને પાણી પીવરાવ્યું અને ઘરે જઈને તરત જ રાજાની વાત પિતા જિનદત્તને કહી. પુત્રીની વાત સાંભળીને જિનદત્ત તરત જ રાજા પાસે ગયો અને તેમનો પરિચય મેળવીને તરત જ પોતાના ઘેર લઈ આવ્યો. આદર પૂર્વક જિનદત્તે સ્નાન-ભોજન કરાવ્યું અને આવા પવિત્ર મહેમાન દ્વારા ઘર પવિત્ર થવાથી પોતાને ધન્ય સમજ્યો. રાજા પ્રદ્યોત પણ તેમના સત્કારથી ખૂબ પ્રસન્ન થયા. તેઓ થોડા દિવસો સુધી ત્યાં રહ્યા. એટલામાં ઉજ્જૈનથી રાજા પ્રદ્યોતને લેવા આવ્યા. રાજા પ્રદ્યોતને જિનદત્તા સાથે પ્રેમ થઈ ગયો હતો. જિનદત્તની સમ્મતિ લઈને તેમણે જિનદત્તા સાથે લગ્ન પણ કરી લીધા. પ્રદ્યોત પત્નીને લઈને સુખ પૂર્વક ઉજ્જૈન આવ્યા. જિનદત્તા પટરાની બની. સમયપર કરેલ થોડો ઉપકાર પણ સુખદાયક હોય છે ! જિનદત્તાનાં ઉપકારે તેને રાજ-રાણી બનાવી. રોજ નવા-નવા આનંદમાં તેના દિવસો વિતવા લાગ્યા.

કેટલાક દિવસો પછી તેમને એક પુત્ર થયો. પુત્રના જન્મના દિવસે જ્યારે રાજા સૂતા હતા ત્યાર તેમણે સ્વપ્નમાં એક બળદ જોયો. એટલે તેમણે પોતાના પુત્રનું નામ વૃષભસેન રાખ્યું. પુત્રના જન્મ પછી તેમની પ્રવૃત્તિ ધર્મમય બનવા લાગી. તે રોજ પૂજા-ભક્તિ, પ્રભવના, અભિષેક, દાન આદિ પવિત્ર કાર્યો મન પૂર્વક કરવા લાગ્યા. આ પ્રકારે સુખથી દિવસો વિતવા લાગ્યા. જ્યારે વૃષભસેન સમજદાર થયા ત્યારે એક દિવસ રાજાએ કહ્યું—પુત્ર, હવે તું આ રાજ્યનો ભાર સંભાળ, હું હવે જિન ભગવાનનાં પવિત્ર તપમાં લાગીશ. વૃષભસેને પૂછયું—પિતાજી,

શું રાજ્ય કરતા કરતા મોક્ષની પ્રાપ્તિ ન થઈ શકે? રાજાએ કહ્યું-બેટા, જેને મોક્ષ કહે છે તે તપ વગર સંભવ નથી. જિનેન્દ્ર ભગવાને મોક્ષનું સાધન એક માત્ર તપને કહ્યું છે એટલે આત્મહિત કરવાવાળાએ તે તપ ગ્રહણ કરવું જોઈએ. વૃષભસેને કહ્યું—પિતાજી, અગર એ વાત છે તો દુઃખનું કારણ એવા રાજ્યને લઈને હું શું કરીશ? કૃપા કરીને તમે એ ભાર મને ન આપો. રાજાએ વૃષભસેનને ખૂબ જ સમજાવ્યો પણ તેના ધ્યાનમાં તપ સિવાય બીજી કોઈ વાત ન આવી. અન્તમાં નિરુપાય થઈને પોતાના ભત્રીજાને રાજ્યનો ભાર સોંપીને પોતાના પુત્ર સાથે જિન-દીક્ષા ધારણ કરી.

મુનિ વૃષભસેન ફરતા ફરતા દેશ-વિદેશોમાં ધર્મોપદેશ આપવા લાગ્યા. તેઓ એક દિવસ કૌશામ્બીમાં આવીને એક નાના પહાડ પર રોકાયા. ગરમીના દિવસો હતા. તાપ ખૂબ જ પડતો હતો. મુનિરાજ આવી ગરમીમાં પર્વત શિખર પર બેસીને યોગ સાધના કરતા હતા. અદ્વિતીય તપસ્યા અને આત્મતેજથી એમનું શરીર દૈદીપ્યમાન થઈ ગયું. તેમના શારીરિક સૌંદર્યને જોઈને લોકોને અત્યન્ત શ્રદ્ધા ઉત્પન્ન થઈ.

ચારિત્ર ચૂડામણિ શ્રી વૃષભસેન મુનિ એક દિવસ આહારના ઉદ્દેશ્યથી શહેરમાં ગયા. પાછળથી કોઈ જૈનધર્મ વિરોધી, બુદ્ધદાસ નામના એક બૌદ્ધધર્મીએ મુનિરાજની ધ્યાન કરવાની શિલાને તપાવીને લાલ કરી નાખી. સાધુ મહાત્માઓનો પ્રભાવ દુષ્ટો સહન નથી કરી શકતા જેમ સૂર્યનો તાપ ઉલ્લુ સહન નથી કરી શકતો. મુનિરાજ જ્યારે આહાર કરીને પાછા ફર્યા ત્યારે તેમણે શિલાને અગ્નિ જેવી તપતી જોઈ. અગર આ ભૌતિક શરીરનો એમને મોહ હોત તો તેઓ તેની રક્ષા કરી શકતા હતા. પરંતુ તેઓ કર્તવ્ય પરાયણ હતા. પોતાની પ્રતિજ્ઞાઓનું પાલન કરવું એમનું સર્વોચ્ચ કાર્ય હતું. તેથી તેઓ સન્યાસનું શરણ લઈને એ ધગધગતી શિલા ઉપર બેસી ગયા. એ સમયે એમના પરિણામ એટલા ઉચ્ચ હતા કે શિલા ઉપર પગ રાખતા જ તેમને કેવળજ્ઞાન થઈ ગયું. દેહ છોડીને તેમણે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

જેમના ચિત્તરૂપી પહાડની તુલનામાં હિમાલય સમાન પહાડ પણ પરમાણુ સમાન દેખાય છે, એ ગુણોના સાગર અને કર્મોના વિનાશક વૃષભસેન મુનિ આપણને પોતાના ગુણ પ્રદાન કરે કે જે મનોવાંછિત સિદ્ધિઓ આપનારા છે!

(સિદ્ધોને તારી પર્યાયમાં....ટાઈટલ ૨ થી ચાલુ)

અમે સર્વજ્ઞને સ્થાપીએ છીએ. અમે અંતરજ્ઞાનની દશામાં અનંત સર્વજ્ઞને સ્થાપ્યાં છે અને તમારાં જ્ઞાનમાં પણ સર્વજ્ઞને સ્થાપીને વાત કરીએ છીએ એટલે આ વાણીમાં સર્વજ્ઞે જેવી જાણી છે, માની છે અને અનુભવી એવી જ વાત આવશે.

એક સર્વજ્ઞની સ્થાપના કહો કે અનંત સર્વજ્ઞની કહો બધું એક જ છે કેમકે એક સર્વજ્ઞના જ્ઞાનની પર્યાયમાં અનંત સર્વજ્ઞ જણાય છે. આવા સર્વજ્ઞને જેણે પોતાના જ્ઞાનમાં સ્થાપ્યાં છે તેને હવે રાગનો કે નિમિત્તનો આદર ન હોઈ શકે. રાગ થાય તેનું જ્ઞાન હોય પણ આદર ન હોય.

જુઓ, અહીં 'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે' એ વાત સિદ્ધ થઈ જાય છે. ચારે બાજુથી એક જ વસ્તુ સિદ્ધ થાય છે. કુંદકુંદઆચાર્યની કેવી ગજબ શૈલી છે! કહે છે કે અમે તો અમારી દશામાં સર્વજ્ઞ સ્થાપ્યાં છે હો! એટલે આ શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઉઠ્યો છે તેના પણ અમે કર્તા નથી હો! સર્વજ્ઞ જેમ જ્ઞાતા છે તેમ અમે પણ જ્ઞાતા છીએ. સર્વજ્ઞના જ્ઞાનમાં બધું વ્યવસ્થિત છે, રાગનું કરવું કે નાશ કરવાપણું એ સર્વજ્ઞનું કાર્ય નથી તેમ અમારું પણ એ કાર્ય નથી.

ઓહો! કુંદકુંદ આચાર્યે માંગલિક કરીને ગજબ વાત કરી છે. પોતે ભગવાનતુલ્ય છે. શ્રોતાને કહે છે કે અમે તમારી પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપ્યાં છે માટે સર્વજ્ઞ જેમ રાગના કર્તા નથી તેમ તમે પણ રાગના કર્તા ન થાવ એમ અમે કહીશું. આ સાંભળવાનો જે વિકલ્પ આવે છે તેના પણ કર્તા ન થાઓ તો તમે સર્વજ્ઞને પર્યાયમાં સ્થાપ્યાં કહેવાય.

સર્વજ્ઞ જગતના જાણનાર છે પણ જગતના કે રાગના માલિક નથી. તેમ હે શ્રોતા! તું પણ જગતની વ્યવસ્થિત વ્યવસ્થાનો જાણનાર રહેજે, કર્તા થઈશ નહિ. કારણ કે અમારે આખો આત્મા જ્ઞાયક છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞાયકપણું સિદ્ધ કરતાં પર્યાયમાં જ્ઞાતા-દ્રષ્ટાપણું જ આવે છે, કર્તાપણું આવતું જ નથી. અને એ જ્ઞાતાપણાના ભાવમાં પાંચેય સમવાય આવી જાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન થાય ત્યારે તે પ્રકારનો સ્વભાવ, તે પ્રકારનો પુરુષાર્થ, એ જ પ્રકારનું ભવિતવ્ય-ભાવ, તે પ્રકારનો કાળ અને દર્શનમોહકર્મના અભાવનું નિમિત્ત હોય એમ ભગવાનના જ્ઞાનમાં જેમ આવે છે તેમ જ જ્ઞાનીના જ્ઞાનમાં આવે ત્યારે જ તેણે સર્વજ્ઞભગવાનને પોતાની પર્યાયમાં સ્થાપ્યાં છે એમ કહેવાય.

જેમ સર્વજ્ઞને જગતમાં કાંઈ ફેરફાર કરવાના ભાવ નથી તેમ સર્વજ્ઞને પોતાની

પર્યાયમાં સ્થાપનારને પણ કાંઈ ફેરફાર કરવાની બુદ્ધિ ન હોય. જ્ઞાતા-દ્રષ્ટા થઈને જે થાય છે તેને જાણે તેમાં પાંચેય સમવાય આવી જાય છે. એ પાંચમાં પુરુષાર્થ પણ અંદર આવી જાય છે.

કુંદકુંદાચાર્ય મહારાજે આચાર્યપદમાં આરોહણ કરીને આ સર્વજ્ઞના ઘરની વાતો દુનિયાને કહી હતી. સર્વજ્ઞપરમાત્માને જે કહવું હતું એ જ વાત સર્વજ્ઞને અંતરમાં સ્થાપનારાં સંતોએ જગત સામે જાહેર કરી છે.

આત્મા 'જ્ઞ' સ્વભાવી છે. એટલે કે 'સર્વજ્ઞસ્વભાવી' છે. જેણે પ્રગટસર્વજ્ઞને પોતાની પર્યાયમાં સ્થાપ્યાં તે પોતે સર્વજ્ઞ થશે. તેને સાધકદશા પ્રગટ થઈ છે હવે સિદ્ધ થયે છૂટકો. તેને હવે કરવાનું કાંઈ રહ્યું નથી. સર્વજ્ઞ સ્વભાવનું લક્ષ રહ્યા કરે છે તેના લક્ષે જ્ઞસ્વભાવની પર્યાયમાં વૃદ્ધિ અને રાગ ઘટતાં ઘટતાં અંતે પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થઈ જાય છે.

સાધકને વિકલ્પ છે ને?-વિકલ્પ છે પણ સાધક તેના જાણનાર છે-કરનાર નથી. સર્વજ્ઞ સર્વના જાણનાર છે અને સાધક તેની પ્રગટેલી શક્તિ અનુસાર જાણનાર જ છે, કર્તા નથી. આનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. લ્યો ! આ કુંદકુંદ આચાર્યની આચાર્યપદવી નિમિત્તે આટલું માંગલિક આવ્યું. *

---

## સુવર્ણપુરી સમાચાર—

**શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન :—** આપણા પરમ પૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, બુધવાર, તા. ૧૭-૧૨-૨૦૦૩ના રોજ છે. આ અવસર શ્રી સીમંધરસ્વામી-સમવસરણ મંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

**ધાર્મિક શિક્ષણવર્ગ :—** ડિસેમ્બર મહિનાની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૩, બુધવારથી તા. ૨-૧-૨૦૦૪, શુક્રવાર-૧૦ દિવસ સુધી સોનગઢમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ'નું આયોજન કરવામાં આવ્યું છે. અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થીઓને સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે.

*** પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ***

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ-સાધનાભૂમિ તીર્થોપમ વાંકાનેર (સૌરાષ્ટ્ર)ના પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમળે પ્રતિષ્ઠિત શ્રી વર્ધમાન દિ. જિનમંદિરના ચોકમાં નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી-સમવસરણ તથા વિદેહીનાથ શ્રી સીમંધર આદિ વિદેહક્ષેત્રના વીસ જિનવર આદિનો પંચકલ્યાણક—પ્રતિષ્ઠામહોત્સવ તા. ૨૨-૪-૨૦૦૪, ગુરુવારથી તા. ૨૭-૪-૨૦૦૪, મંગળવાર (વૈશાખ સુદ-૭) છ દિવસનો રાખવામાં આવ્યો છે. વિશેષ સમાચાર હવે પછીના અંકમાં. *

## અરે ! જિન-આજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં !

શ્રોતા : નિમિત્ત તો પર્યાયોંકા-ક્રમ તોડતે હુએ દીખાઈ દેતે હૈં !

પૂજ્ય ગુરુદેવશ્રી : બિલકુલ જૂઠી વાત છે. એ જ અજ્ઞાનીના મોટા વાંધા !

શ્રોતા : આ નિમિત્ત આવે તો આવું થાય...બીજું નિમિત્ત આવે તો એવું થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી : 'ઉપાદાનમાં અનેક જાતની યોગ્યતા છે, જેવું નિમિત્ત આવે તેવું થાય'—એમ કહે છે. તદ્દન જૂઠી વાત છે. ઉપાદાનમાં એક જ જાતની તે જ સમયે જે નિજક્ષણે ઉત્પન્ન થવાનો સમય છે તે ક્ષણે તે થશે. એક જ યોગ્યાતા છે, બીજી યોગ્યતા છે જ નહીં. (કોઈ કહે છે કે) ઉપાદાનમાં ઘણી જાતની યોગ્યતા છે, પાણીમાં ઘણી જાતની યોગ્યતા છે પણ તેમાં રંગ નાખો એવો દેખાશે. લીલો નાખો તો લીલો, પીળો નાખો તો પીળો....એ વાત તદ્ન ખોટી છે. તત્ત્વની વાત સમજવી સાંભળવી બહુ જ કઠણ છે બાપુ ! બાકી તો ધૂળ-ધાણીને આખુ...સંસાર હેરાન થઈને મરી ગયા છે... અનંત કાળ કાઢ્યો રખડતા ! પણ રખડનારની દશા ને રખડનારના ગુણો અને રખડનારો પોતે કોણ કેટલો કેવડો છે...જાણ્યો નહીં ! કાં તો ભૂલ થઈ છે તે કર્મે કરાવી છે અને કાં ભૂલ છે ઈ મારો ત્રિકાળી સ્વભાવ-ગુણ મારો છે. એ દરેક ભૂલ ! પર્યાયમાં ભૂલ જે સમયે થવાની છે ક્રમે, તેનો કાળ છે. કાળલબ્ધિ છે ઈ ! જે સમયે જે પર્યાય થાય તે એની કાળલબ્ધિ છે અને તે તેનો નિજક્ષણ છે. મોક્ષમાર્ગપ્રકાશમાં તો કહ્યું છે કે અરે ! જિન-આજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં. કર્મને લઈને વિકાર થાય એમ માનવું— જૈનની આજ્ઞા જો માને તો આવી અનીતિ સંભવે નહીં. એ વાત થઈ હતી-ત્રીજી સાલમાં, પણ ઘણા વર્ષથી બેઠેલી ઊંધી...ખસેડવું કઠણ પડે માણસને ! અને પંડિત થઈ ગયેલા હોય મોટા ભણી ભણી ને ! વ્યાકરણ ને સંસ્કૃત...ઓહોહો ! —*પૂજ્ય ગુરુદેવશ્રી.*

*શ્રી સમયસાર ગાથા-૨, પ્રવચન નં-૧૦, તા. ૧૭-૬-૭૮*

જેઓ મોક્ષની ઈચ્છા રાખીને પરદ્રવ્યની ઉપાસના કરે છે—પરદ્રવ્યના ભક્ત અને સેવક બની તેમની જ પાછળ ડોલે છે—તે મૂઢજનો હિમવાન પર્વત પર ચઢવાની ઈચ્છા ધરાવતાં સમુદ્ર તરફ ચાલ્યા જાય છે—એમ હું માનું છું.

*—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૫૦*

સુગુરુની મહાન છત્રછાયા પામીને પણ હે જીવ! તું સકળ કાળ સંતાપને જ પામ્યો. પરમાત્મા નિજદેહમાં વસતા હોવા છતાં તેં પત્થર પર પાણી ઢોળ્યું.

*—શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૩૦*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334